# સંગઠનની વિગતો કોર્પોરેશન અને ફરજો

**૨.૧ જાહેર તંત્ર ઉદેશ / હેતુ :–**

પ્રા. શાળામાં ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને ગરમ રાંધેલ ખોરાક પુરું પાડવાનો.

**૨.૨ જાહેર તંત્રનું મિશન :–**

પ્રા. શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૧ થી ૭ ના બાળકોને સરકારશ્રીની જોગવાઈ અનુસાર ગરમ રાંધેલો ખોરાક પુરો પાડીને બાળકોને દરરોજ ૩૦૦ કેલરી અને ૮–૧૨ ગ્રામ પ્રોટીન મુજબનો ખોરાક આપીને ગરીબી નિવારણ અંગેના રાજયના પ્રયત્નોને પુરક બનાવવાનો.

આવી યોજનાને પરીણામે વિકાસશીલ વયજુથથા બાળકોનું પોષણ ધોરણ સારા એવા પ્રમાણમાં ઉંચુ લાવવાનો.

અધ્ધવચ્ચે શાળા છોડીને જનારાને રોકવા અને સામાન્ય હાજરીમાં સુધારો કરવા ઉપરોકત મ.ભો.યો. વધારે વિદ્યાર્થીઓને ખાસ કરીને વધુ ગરીબ વિભાગના વિદ્યાર્થીઓને શાળામાં આકર્ષવા માટે.

આ યોજના રોજગારીની કેટલીક તકો પુરી પાડવાના હેતુસર સામાજીક અને રાષ્ટ્રીય એકતા સાધવાનું એક પગલું બની રહેશે.

**૨.૩ જાહેર તંત્રનો ટુંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ :–**

આ યોજના ૧૯ મી નવે.–૧૯૮૪ માં ભુતપૂર્વ વડાપ્રધાન માન. ઈન્દીરા ગાંધીના જન્મદિનથી ગુજરાત રાજયમાં શરૂ કરવામાં આવેલ છે. રાજયમાં ગુજરાત સરકાર અને કમિશ્નરશ્રી મ.ભો.યો. અને શાળાઓ ગાંધીનગર ધ્વારા મ.ભો.યો.નું અમલીકરણ કરવામાં આવે છે. મ્યુનિ. કોર્પોરેશન સંચાલીત સંકુલો માટે મ્યુનિ. કમિશ્નરશ્રી અને જિલ્લાની સ્કુલો માટે જિલ્લા કલેકટરશ્રી આ યોજનાના અમલ માટે જવાબદાર નિયત કરાયા છે. તમામ જગ્યાએ નાયબ કલકટરશ્રી અને તાલુકા કક્ષાએ મામલતદારશ્રી ધ્વારા યોજનાનું સંચાલન થઈ રહેલ છે.

**૨.૪ જાહેરતંત્રની ફરજો :–**

જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટર યોજનાના અમલની સમીક્ષા કરવા અને તે પર દેખરેખ નિયંત્રણ રાખવા માટે સંબંધીત અધિકારીઓની એક સમીતીની હાલમ અસ્તિત્વમાં છે. અને આ સમીતીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નાયબ કલેકટરશ્રી મધ્યાહન ભોજન યોજના,

નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વિભાગીય નિયામકશ્રી એસ.ટી., પ્રમુખશ્રી જિલ્લા પંચાયત, અધ્યક્ષશ્રી સામાજીક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત અને સંસદસભ્યશ્રી તથા ધારાસભ્યશ્રી જેવા પદાધિકારીઓ વિગેરે નો સમાવેશ કરવામાં આવેલ છે.

આવી જ રીતે મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારોમાં મ્યુનિ. કમિ.શ્રી આ યોજનાના નિયંત્રણ અને દેખરેખ માટે શહેરી વિસ્તારો પુરતા યોજના મુજબ સમીતીની રચના કરી શકશે. તદ્ઉપરાંત શહેરી વિસ્તારના સંજોગોને લક્ષમાં લઈને સમીતીમાં જરૂરી સુધારા વધારા કરી શકશે.

**૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યો.**

(૧) જિલ્લાના તમામ તાલુકાઓની દરેક શાળા માટે અલગ રસોઈ કરવાની વ્યવસ્થા કરવાનું.

(૨) યોજનાના નાણાંકીય માળખામાં રહી યોજનાના અમલ માટે કર્મચારીગણ ઉભુ કરવાની અને નિમવાની અને નાણાંકીય વ્યવસ્થા કરવાની.

(૩) યોજનાના અમલીકરણ માટે ખાદ્યસામગ્રી ઉપલબ્ધ કરવાની.

(૪) યોજનામાં મરી, મસાલા, બળતણ વિગેરેની વ્યવસ્થા કરવી.

(૫) મધ્યાહન ભોજન યોજના ના કેન્દ્રો માટે સ્ટાફની નિમણુંક કરવી.

(૬) નિગમમાંથી આવતો અનાજ, કઠોળના જથ્થાની ગુણવત્તા ચકાસવી.

(૭) કેન્દ્રોની નિયત ધોરણ મુજબ તપાસણી કરવી.

(૮) યોજના માટે જરૂરીયાત મુજબના સાહીત્યની વ્યવસ્થા કરવી.

(૯) માસીક, ત્રિમાસીકે, છમાસીક, વાર્ષિક પત્રકો મુજબની માહીતી તૈયાર કરી ઉપલી કચેરીએ મોકલવી.

**૨.૬ જાહેર તંત્ર ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષીપ્ત વિવરણ :–**

આ યોજના ધ્વારા પ્રા. શાળાઓમાં ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને ગરમ રાંધેલો ખોરાક સરકારશ્રીના નિયમો મુજબ આપવામાં આવે છે. અને અગાઉથી નકકી કરાયેલ મેનું મુજબ વાનગીઓ બનાવી પુરી પાડવામાં આવે છે. નકકી કરાયેલ અઠવાડીક "મેનુ" નીચે મુજબ છે.

<u>વાર</u>        <u>મેનુ</u>

| | |
|---|---|
| સોમવાર | લાપસી, શાક |
| મંગળવાર | વઘારેલી ખીચડી – શાક |
| બુધવાર | દાળઢોકળી – શાક |
| ગુરૂવાર | દાળ–ભાત – શાક |
| શુક્રવાર | લાપસી – શાક |
| શનીવાર | વઘારેલી ખીચડી – શાક |

બાળકદીઠ દૈનિક વપરાશની વિગતો નીચે મુજબ નકકી કરાયેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | ઘઉં બાળક દીઠ | ૫૦ ગ્રામ |
| (૨) | ચોખા બાળક દીઠ | ૫૦ ગ્રામ |
| (૩) | દાળ બાળક દીઠ | ૨૦ ગ્રામ |
| (૪) | તેલ બાળક દીઠ | ૧૦ ગ્રામ |
| (૫) | મરી મસાલો, શાકભાજી (ગોળ સહીત) | ૫૦ ગ્રામ |
| | કુલ | ૧૮૦ ગ્રામ દૈનિક |

**૨.૭ જાહેરતંત્રના રાજય નિયામક કચેરી, પ્રદેશ જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ :–**

રાજય

કલેકટર કચેરી, રાજકોટ

**૨.૮ જાહેર તંત્રની અસરકારતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ**

યોજનામાં લોક સહયોગ મેળવવાની સરકારશ્રીની જોગવાઈ છે. નિયમ મુજબ જાહેર જનતા યોજનામાં ફાળો, ખાદ્ય સામગ્રી ત્થા યોજનામાં ઉપયોગી વાસણો આપી શકે છે. અને તે મુજબ લોક સહયોગ મેળવવા પ્રયત્નો કરવામાં આવે છે.તથા તિથિ ભોજન વધુમાં વધુ આયોજવામાં આવે કે જેના અંતર્ગત જે તે ગામની પ્રાથમિક શાળામાં દાતાઓ દ્વારા પ્રસંગને અનુરુપ ભોજન આપવામાં આવે.

**૨.૯ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતીઓ :–**

લોક સહયોગ મેળવવા માટે અત્રેથી સ્થાનીક સંસ્થાઓ/ટ્રસ્ટો વિગેરેનો અવાર નવાર અત્રેથી રૂબરૂમાં સંપર્ક સાધવામાં આવે છે. કેન્દ્ર સંચાલકોને પણ સ્થાનિક સંસ્થા/ટ્રસ્ટો ત્થા દાતાઓનો રૂબરૂમાં સંપર્ક સાધવા અને લોક સહયોગ વધુમાં વધુ મેળવવા અવાર નવાર મૌખીક તેમજ લેખીતમાં સુચનાઓ આપેલ છે.

**૨.૧૦ સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર**

આ યોજનાનું જિલ્લા કક્ષાનું તમામ સંચાલન દેખરેખ નિયંત્રણ કલેકટરશ્રી, રાજકોટ દ્વારા કરવામાં આવે છે, અને જાહેર ફરીયાદ નિવારણ પણ તેઓશ્રીની સતા હેઠળ આવે છે.

**૨.૧૧ મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓના સરનામાંઃ–**

| | |
|---|---|
| મુખ્ય કચેરી :– | કમિશ્નરશ્રી, મધ્યાહનભોજન યોજના,ડો. વરાજ મહેતા ભવન,<br>બ્લોક નં.૯, પહેલો માળ, જુના સચિવાલય, ગાંધીનગર. |
| રાજકોટ જિલ્લાઃ–<br>વિસ્તારમાં આવેલ | નાયબ કલેકટરશ્રી, રાજકોટ જિલ્લા<br>મધ્યાહન ભોજન યોજના શાખા,<br>જુની વેસ્ટ હોસ્પિટલ બિલ્ડીગ,<br>કલેકટર કચેરી કમ્પાઉન્ડ , રાજકોટ |

| | | |
|---|---|---|
| **૨.૧૨** | **કચેરી શરૂ થવાનો સમય** | **સવારનાં ૧૦ઃ૩૦ કલાકથી** |
| | **કચેરી બંધ થવાનો સમય** | **સાંજના ૬ઃ૧૦ કલાકે** |